## પલસાણા એક્સપ્રેસ વે પર ટ્રકની ટક્કરે ટેમ્પો ચાલકનું મોત

**ટ્રક ચાલકે** અચાનક લેન બદલી નાંખતાં પાછળ આવતો ટેમ્પો અથડાયો

પલસાણાઃ એક્સપ્રેસ વે પર પલસાણાના અમલસાડી ગામની સીમમાં પૂરઝડપે દોડતા એક ટ્રક ચાલકે અચાનક લેન બદલી નાંખતાં પાછળ આવી રહેલો અશોક લેલન ટેમ્પો તેની સાથે ધડાકાભેર અથડાયો હતો. આ ગંભીર અકસ્માતમાં ટેમ્પો ચાલક ૨૩ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ ટાટા કંપનીના ટ્રક નં.(GJ-25-U-8944)ના ચાલકે રોડ પર કોઈપણ પ્રકારની સાઈડ લાઈટ અથવા સિગ્નલ આપ્યા વગર ચોથા નંબરની લેન પરથી અચાનક બીજા નંબરની લેન પર પોતાની ટ્રક વાળી દીધી હતી. દરમિયાન ત્રીજી લેન પર પોતાનો અશોક લેલન ટેમ્પો નં.(GJ-23-AW-5128) લઈને પસાર થઈ રહેલા પરવેજ ખાન મોહમ્મદ ખાન પઠાણ (ઉં.વ.૨૩) (રહે.,અંબર હાઇટ્સ, વટવા, અમદાવાદ, મુ.રાજે સિદ્ધાર્થનગર, ઉત્તરપ્રદેશ)નો ટેમ્પો ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પોના કેબિનનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો, જેમાં ચાલક પરવેજ ખાનને માથા તેમજ બંને પગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જીને આરોપી ટ્રક ચાલક પોતાનો ટ્રક ઘટના સ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જમીન સંપાદન વિવાદઃ વાલોડના ખેડૂતોનો GETCO સામે મોરચો

**ખેડૂતોએ** તાપી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું




વાલોડઃ વાલોડ તાલુકામાંથી પસાર થતી GETCOની વીજ ટ્રાન્સમિશન લાઈનના વિરોધમાં સ્થાનિક ખેડૂતોએ ઉગ્ર આંદોલનનો આગાજ કર્યો છે. ખેડૂત સમાજના અગ્રણી પરિમલ પટેલની આગેવાનીમાં વાલોડ, નવા ફળિયા, દોડકિયા ફળિયું અને બુટવાડા ગામના પીડિત ખેડૂતો વ્યારા કલેક્ટર કચેરી ખાતે એકત્રિત થયા હતા અને કંપની તેમજ સ્થાનિક તંત્ર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી આવેદનપત્ર સોંપ્યું હતું. ખેડૂતોએ આ કામ બંધ કરવા અથવા વીજલાઈનનો રૂટ બદલવાની માંગ કરી જેટલો કંપની તેમજ તેમના મળતીયાઓની હાય હાય બોલાવી વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે, આ લાઈન અંગે ત્રણ વખત હીયરિંગ થયું હોવા છતાં કોઈ ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના અને વળતરની રકમ નક્કી કર્યા વિના જ પોલીસ રક્ષણ હેઠળ આડેધડ કામગીરી શરૂ કરી દેવાઈ છે. ૧૮૮૫ના ટેલિગ્રાફ એક્ટ મુજબ ખેડૂતોને વાંધા રજૂ કરવાની યોગ્ય તક આપ્યા વિના, તત્કાલીન અધિકારીઓએ જેટકોના સત્તાધીશો સાથે મેળાપીપણું રચીને ખેડૂતોને સંપૂર્ણ અંધારામાં રાખ્યા છે. ખેડૂતોની કિંમતી ઉપજાવ જમીન (સરવે નં.૧૦૭૦, ૧૦૬૮, ૧૦૪૧અ, ૧૦૪૧બ, ૧૦૪૬, ૧૦૬૭)માંથી લાઈન ક્યાંથી પસાર થશે, કેટલા ટાવર ઊભા કરાશે કે કેટલી જગ્યા રોકાશે તેની કોઈ આગોતરી જાણ કે ખેડૂતોની પરવાનગી લેવામાં આવી નથી. આ વિસ્તારના મોટા ભાગના ખેડૂતો નાના અને સીમાંત હોવાથી, ખેતી હેઠળનો મોટો વિસ્તાર નષ્ટ થતાં તેમને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, જ્યારે કંપની દ્વારા બજાર કિંમત કરતાં ઘણું ઓછું વળતર ચૂકવાઈ રહ્યું છે. આ અન્યાય સામે આક્રોશ વ્યક્ત કરતાં ખેડૂતોએ હાલનું કામ તાકીદે બંધ કરવા અથવા વીજલાઈનનો રૂટ બદલીને તેને વન વિભાગ હસ્તકની જમીનમાંથી પસાર કરવાની માંગ કરી છે. જો વહેલી તકે ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને વ્યાપક આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉકાઇ જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજનાના જળના વધામણાં



કુકરમુંડાઃ રમતગમત, ઉદ્યોગ અને પ્રવાસન રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીતે ગુરુવારે ઉકાઈ જળાશય આધારિત ‘સોનગઢ, ઉચ્છલ, નિઝર ઉદવહન સિંચાઈ યોજના’ અંતર્ગત કુકરમુંડાના કોરાલા અને નિઝર ગામે પધારીને ઉત્સાહભેર નીર વધામણા કર્યાં હતાં. આ પ્રસંગે રાજ્યમંત્રીએ પવિત્ર જળના પૂજન-અર્ચન સાથે ખેડૂતો અને ગ્રામજનોની સુખાકારી, સમૃદ્ધિ અને ખુશહાલી માટે પ્રાર્થના કરી હતી. આ મુલાકાત વેળા સંબંધિત વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિશ્રીઓ, સ્થાનિક હોદ્દેદારો, ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બારડોલીના ડો.ભાવિન વ્યાસની સિદ્ધિ



બારડોલીઃ બારડોલી પલવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ સમાન ડો.ભાવિન વ્યાસની ૨૦૨૫-૨૬ના વર્ષની SCI રેન્ક ગ્લોબલ રજિસ્ટ્રી મુજબ વિશ્વના શ્રેષ્ઠ 5% રિસર્ચ વૈજ્ઞાનિક તરીકે પસંદ કરાતાં બારડોલીની યશ કલગીમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. બારડોલીના રહીશ અને બારડોલીની ઉકા તરસાડિયા યુનિવર્સિટીના ફાર્મસી વિભાગના હેડ તરીકે ફરજ બજાવવા સાથે સંશોધન ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે પ્રાપ્ત સિદ્ધિ અને વર્ષોની તપશ્ચર્યા, મહેનત સાથે ફાર્મસી ક્ષેત્રમાં તેમના યોગદાન સાથે પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને તેમની નિષ્ઠા યુવાનો માટે પ્રેરણારૂપ બનતાં તેમની સિદ્ધિ બિરદાવાઇ હતી. ઉચ્ચ વિદ્વત્તાના આચરણ સાથે તેઓ બારડોલીના પલવાડા ઔ. બ્રાહ્મણ યુવા સંઘમાં પણ સક્રિય રહેતા સમાજના યુવાનો માટે આદર્શ ઉદાહરણ બની પ્રેરણા સ્તોત્ર બની રહેતાં ગૌરવની અનુભૂતિ સાથે અભિનંદન અપાયાં હતાં.

### શિકેરમાં યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

વાલોડઃ વાલોડના શિકેર ગામે રહેતા યુવાને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના શિકેર ગામે ઢોડિયાવાડ ફળિયામાં રહેતા અર્જુનભાઈ ઢોડિયાના 22 વર્ષીય પુત્ર પ્રિન્સે રાત્રે બધા સૂતા હતા ત્યારે અગમ્ય કારણસર ઘરની છતની એંગલ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટના અંગે તેના ભાઈ અંકિતને જાણ થતાં તે પ્રિન્સને વાલોડ સરકારી દવાખાને લઇ ગયો હતો. જો કે, ત્યાં ફરજ ઉપર હાજર તબીબે પ્રિન્સ ઢોડિયાને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે અંકિત ઢોડિયાએ વાલોડ પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કડોદરા નજીક ચક્કર આવતાં બાઇક ચાલકનું મોત

પલસાણાઃ કડોદરાના ક્રિષ્ણાનગરમાં રહેતા ૪૦ વર્ષીય અવધેશ પ્રસાદ યાદવ ૮ જૂનની રાત્રે બાઇક લઇને ઘરે જઇ રહ્યા હતા. દરમિયાન તાતીથૈયા-શિવાંજલિ ચોકડી પાસે અચાનક ચક્કર આવતાં તેઓ ઢળી પડ્યા હતા. રાહદારીઓએ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સુરતની યુનિક હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૧૦ જૂને તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે કડોદરા GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ભાદોલ નજીક અકસ્માતમાં યુવકનું મોત

કીમઃ ઓલપાડના ભાદોલ ગામ નજીક વડોલી રોડ પર સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું. તા.9 જૂન-2026ના રોજ રાત્રે આશરે 9:15 વાગ્યે ભાદોલ ગામ પહેલા આવેલા ગરનાળા પાસે એક રિક્ષા ચાલકે બેદરકારીપૂર્વક રિક્ષા હંકારી સ્પ્લેન્ડર મોટરસાઇકલને ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક પર સવાર કનસીંગભાઈ શંકરભાઈ રાઠવાને ઇજા પહોંચવા સાથે તેના જમણા પગે ફ્રેક્ચર થયું હતું. જ્યારે બાઈક ચાલક ભાવેશભાઈ ઉર્ફે વેચાનભાઈ સમાવચડા રાઠવાને મોં તથા જમણા પગે ગંભીર ઇજા પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કનસીંગભાઈ રાઠવાની ફરિયાદના આધારે કીમ પોલીસ સ્ટેશનમાં રિક્ષા નં.(GJ-05-BY-5301)ના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કીમ પોલીસે અકસ્માત સર્જી ફરાર થયેલા રિક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### દેલાડમાં રહેતો ઉત્તરપ્રદેશનો આધેડ ગુમ

સાયણઃ ઓલપાડના દેલાડ ગામે મણીપુષ્પક સોસાયટીના ઘર નં.૧૧૨માં રહેતો આધેડ મહારાજ જગતનાથ ક્રુમી (ઉં.વ.૪૮) (મૂળ રહે.,પીપરૈયા, જિ.ગોરખપુર, યુ.પી.) ગત તા.૮ના રોજ સાંજે પોણા પાંચ વાગ્યાના સુમારે ઘરમાં કોઇને કાંઇ પણ કહ્યા વિના ક્યાંક ચાલ્યો ગયો હતો. જેથી પરિવારે તેની ખૂબ શોધખોળ કરવા છતાં ન મળતાં આખરે ગુમ થનારની પુત્રી મોનાબેને ઓલપાડ પોલીસ મથકમાં તેણીના પિતા ગુમ થવા બાબતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.વિક્રમ વર્ધાજી કરી રહ્યા છે.

### ઓલપાડના સ્યાદલા ગામે અજાણ્યા વૃદ્ધની ઝાડ પર લટકતી લાશ મળી

કીમઃ ઓલપાડ તાલુકાના સ્યાદલાથી કાછબ જવાના માર્ગ પર આવેલા એક ખેતરના શેઢે લીંબડાના ઝાડ સાથે 65થી 70 વર્ષના એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. મૃતકે સફેદ કુર્તો-પાયજામો પહેરેલો હતો. ખેતર માલિકની જાણના આધારે કીમ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દૃષ્ટિએ વૃદ્ધે દોરી વડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાનું જણાય છે. કીમ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, મૃતકની ઓળખ મેળવવા અને પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# વેલાછામાં રસ્તો ક્રોસ કરતા દીપડાનું ટ્રક અડફેટે મોત

**અકસ્માત** સર્જી અજાણ્યો ટ્રક ચાલક અંધારાનો લાભ લઈ ફરાર


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા-માંગરોળ રોડ પર આવેલા વેલાછા ગામ નજીક ગત રાત્રે રોડ ક્રોસ કરી રહેલા એક કદાવર દીપડાનું અજાણી ટ્રકની અડફેટે આવતાં મોત નીપજ્યું હતું. વન્યજીવના આ પ્રકારે અચાનક થયેલા મોતને પગલે સ્થાનિક પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ વેલાછા અને લિંબાડા ગામ વચ્ચે આવેલા વેલાછાની ભાગોળના એક વળાંક પાસે રાત્રિના અંધકારમાં એક કદાવર દીપડો શિકારની શોધમાં કે સામાન્ય લટાર મારવા માટે જાહેર માર્ગ પર આવી ચડ્યો હતો. આ દરમિયાન માર્ગ પરથી પૂરઝડપે પસાર થઈ રહેલી એક અજાણી ટ્રકના ચાલકે દીપડાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દીપડાને શરીરે ગંભીર ઈજા પહોંચતાં તેણે ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. અકસ્માત સર્જી અજાણ્યો ટ્રક ચાલક અંધારાનો લાભ લઈ વાહન સાથે ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માત બાદ ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત વાહનચાલકની નજર રોડ પર પડેલા દીપડાના મૃતદેહ પર પડી હતી. તેણે તાત્કાલિક આ અંગે વેલાછા ગામના લોકોને જાણ કરી હતી. માહિતી મળતા જ ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. વન્યજીવ પ્રત્યે સંવેદનશીલતા દાખવી ગામલોકોએ દીપડાના ભારેખમ મૃતદેહને ઊંચકીને માર્ગની બાજુમાં સુરક્ષિત જગ્યાએ ખસેડ્યો હતો, જેથી અન્ય વાહનો તેની પરથી પસાર ન થઈ જાય. ત્યારબાદ સ્થાનિકોએ વેલાછા નજીક જ રહેતા વન વિભાગના એક કર્મચારીને આ દુર્ઘટના અંગે તાકીદે જાણ કરી હતી. વન કર્મચારી પણ સમય સૂચકતા વાપરી તુરંત સરકારી વાહન લઈને ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગ દ્વારા દીપડાના મૃતદેહનો કબજો મેળવ્યો હતો.

# કોસંબા સ્ટેટ બેંકમાં મુસ્લિમ વૃદ્ધ ૧૦ હજાર ભરેલું પર્સ ચોરી ગયો

**યુવતી** પોતાનું બેગ ટેબલ પર મૂકી કાઉન્ટર પર ગઈ ને વૃદ્ધ કળા કરી ગયો

**ઘટના** CCTVમાં કેદ થઈ, પોલીસમાં અરજી આપી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં એક યુવતીના પર્સની ચોરી થઈ હતી. બેંકમાં કામ અર્થે આવેલી એક યુવતી પોતાનું બેગ ટેબલ પર મૂકી કાઉન્ટર પર ગઈ હતી. દરમિયાન ત્યાં સોફા પર બેઠેલા સફેદ વસ્ત્રો સજ્જ એક અજાણ્યા મુસ્લિમ વૃદ્ધે તકનો લાભ લીધો હતો. તેણે યુવતીનું બેગ ખોલી, તેમાંથી પર્સની ચોરી કરી અને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો.

યુવતી જ્યારે કાઉન્ટર પરથી પરત ફરી ત્યારે બેગમાં પર્સ ન જોવા મળતાં બેંકમાં અફરાતફરી મચી ગઈ હતી. ત્યારબાદ બેંકનાં સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવતાં વૃદ્ધની આ સમગ્ર કરતૂત કેમેરામાં કેદ થયેલી જોવા મળી હતી, જેને જોઈને સૌ કોઈ ચોંકી ગયા હતા. ભોગ બનનાર યુવતીના જણાવ્યા અનુસાર પર્સમાં રૂ.૧૦ હજારની રોકડ રકમ અને મહત્ત્વના દસ્તાવેજો હતા. આ મામલે યુવતીએ કોસંબા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા વૃદ્ધ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યારામાં અજાણ્યા વાહનની ટક્કરે બાઈકસવાર બેનાં મોત

વ્યારાઃ વ્યારા તાલુકામાં નેશનલ હાઈવે નં.56 પર બામણામાળ નજીક ગામની સીમમાં અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં બેનાં મોત થયાં હતાં. અકસ્માત બાદ ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

મળતી માહિતી મુજબ ગત તા.10-6-2026ના રોજ નરેન્દ્રભાઈ મંછાભાઈ ચૌધરી (ઉં.વ.65) (રહે.,મોટી કાંજણ, તા.વ્યારા) પોતાના મિત્ર અનિલભાઈ બાબુભાઈ ચૌધરી (ઉં.વ.45) (રહે.,ધાટ ગામ, ઝાડ ફળિયું, તા.વ્યારા) સાથે મોટરસાઈકલ નં.(GJ 26 R 7528) પર બેસી જઈ રહ્યા હતા. દરમિયાન રાત્રિના 9 વાગ્યાના અરસામાં બામણામાળ નજીક ગામની સીમમાં નેશનલ હાઈવે નં.56 પર કોઈ અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલક અનિલ ચૌધરી અને નરેન્દ્ર ચૌધરી બંનેને ગંભીર ઈજા થતાં 108 મારફતે વ્યારા રેફરલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંનેનાં મોત નીપજ્યાં હતાં.

જે અંગે વ્યારા પોલીસ મથકમાં ફરિયાદ આવતાં પોલીસે અકસ્માત સર્જીને ભાગી છૂટેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અધવચ્ચે ભણતર છોડી દેનારી બાળકીઓ ફરી શાળાએ જશે

**કલેક્ટર** તેજશ પરમારે બારડોલીના ધામડોદ લુંભાની મુલાકાત લીધી, પરિવારને સમજાવ્યો



બારડોલીઃ બારડોલીના ધામડોદ લુંભા ગ્રામ પંચાયતની સુરત કલેક્ટર તેજશ પરમારે ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામ પંચાયત કચેરીના સત્તાવાર દફ્તર તેમજ ‘એપેન્ડિક્સ A’ની ઝીણવટભરી ચકાસણી કરી વહીવટી કામગીરીની સમીક્ષા કરી હતી. કલેક્ટરે ગામમાં ઉપલબ્ધ સરકારી સુવિધાઓની જાતમાહિતી મેળવવા માટે સ્થાનિક પેટા આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડીની પણ મુલાકાત લીધી હતી. ત્યાં અપાતી સેવાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગામમાં પ્રાથમિક શિક્ષણ અધવચ્ચે જ છોડી દેનારા (ડ્રોપ આઉટ) બાળકોનું પ્રમાણ ઘટે તેવા ઉદ્દેશ સાથે કલેક્ટરે શાળા છોડી દેનાર બાળકો અને તેમના પરિવારો સાથે સીધો સંવાદ કર્યો હતો. ગામમાં ધો.5 પછી અભ્યાસ છોડી દેનારી બે માસૂમ બાળકીઓને તેમણે શિક્ષણનું મહત્ત્વ સમજાવીને આગળ અભ્યાસ ચાલુ રાખવા માટે પ્રેરિત કરી હતી. મુલાકાત દરમિયાન કલેક્ટર તેજશ પરમારે માનવતાવાદી અભિગમ દાખવતા, ગામની એક માતા-પિતા વિહોણી અનાથ બાળકીને સરકારી યોજનાઓનો લાભ અને યોગ્ય આર્થિક સહાય મળી રહે તે માટે વહીવટી તંત્રને તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. આ સાથે જ તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી કે ગામમાં લાયકાત ધરાવતી એક પણ વિધવા મહિલા કે વૃદ્ધ વ્યક્તિ સરકારી પેન્શન યોજનાના લાભથી વંચિત ન રહેવા જોઈએ.

## સાયણ નજીક અકસ્માતમાં બાઈક ચાલક યુવકનું મોત

સાયણઃ ઓલપાડના દેલાડ ખાતે રહેતા અને મૂળ યુપીના ૩૫ વર્ષીય શ્રમિક આત્મારામ નિશાદનું માર્ગ અકસ્માતમાં ઘાયલ થયાં હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સાયણ ગામની સીમમાં હોન્ડા શો-રૂમ પાસે આત્મારામે પોતાની બાઈક નં.(જીજે-૦૫,એસ.જે-૬૯૭૭) ગફલતભરી રીતે રોંગ સાઈડમાં હંકારી સામેથી આવતાં બોલેરો પિકઅપ ટેમ્પો નં.(જીજે-૦૫, સી.ડબ્લ્યૂ-૫૩૫૦) સાથે ભટકાવી દીધી હતી. માથામાં ગંભીર ઈજા થતાં તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું છે.

# વાલેસા પાટિયા નજીક બે ડમ્પર વચ્ચે અકસ્માત, ચાલક ફસાયો

**કેબિનમાં** ફસાયેલા ચાલકને બહાર કાઢી સારવાર માટે ખસેડાયો

**અકસ્માતને** પગલે ટ્રાફિકજામ થયો


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પાલોદ પોલીસ મથક હદ વિસ્તારના વાલેસા ગામના પાટિયા પાસે ને.હા.નં.48 પર ગુરુવારે બે ડમ્પર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં ડમ્પરની કેબિનનો ખુરદો બોલી જવા સાથે ચાલક કેબિનમાં ફસાઈને કણસી રહ્યો હતો. જેને જિલ્લા પોલીસે સમયસૂચકતા વાપરી જેમ તેમ કરી બહાર કાઢી સારવાર માટે મોકલી આપ્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે, ગુરુવારે નેશનલ હાઇવે નં.48 પરના વાલેસા પાટિયા નજીક આવેલા કટ ઉપર બે ડમ્પર સામસામે ધડાકાભેર અથડાયાં હતાં. જેના પગલે સર્જાયેલા આ ગંભીર અકસ્માતમાં એક કેબિનનો ખુરદો બોલી જવા સાથે ડમ્પરનો ચાલક કેબિનમાં ગંભીર રીતે ફસાઈ જતાં દર્દથી કણસી રહ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં પોલીસ અને 108 ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. આ બનાવમાં પોલીસ તંત્રએ મહામુસીબતે કેબિનમાં ફસાયેલા ચાલકને બહાર કાઢી 108માં સારવાર માટે મોકલી આપ્યો હતો. અકસ્માતને પગલે કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ટ્રાફિક પોલીસે ટ્રાફિક સમસ્યા હળવી કરવા પ્રયાસો હાથ ધર્યા હતા.

# ખોજના યુવકનો મોબાઈલ હેક કરી 79 હજાર રૂપિયાની ઉઠાંતરી

બારડોલીઃ બારડોલીના ખોજ ગામે પટેલ ફળિયામાં રહેતા પરેશભાઈ કેશવભાઈ પટેલ (ઉં.વ.46) પોતાના માલિકીની ઈનોવા કારનું ડ્રાઈવિંગ કરી જીવન ગુજરાન ચલાવે છે. ગત 4થી મેના રોજ બપોરે તેઓ ઘરે પહેલા માળે મોબાઈલ કરજમાં મૂકી નેટ ચાલી રાખી આરામ કરતા હતા. ત્યારબાદ આશરે અઢી વાગ્યાની આસપાસ મોબાઈલ ચાર્જિંગમાંથી કાઢી જોતાં મોબાઈલમાં ગૂગલ અપડેટ લખાયેલું આવતું હતું. અપડેટ માટેની પ્રોસેસ ચાલુ હતી.ત્યારે કોઈ કોલ પણ આવતો હોય તેવો અવાજ આવતો હતો. અચાનક અપડેટ ચાલુ થઈ જતાં તેમણે ફોન બંધ કરવા માટે પ્રયાસો કર્યા હતા. પરંતુ મોબાઈલ ફોન સ્વિચ ઓફ થયો ન હતો. ત્યારબાદ પંદરેક મિનિટ બાદ અપડેટની પ્રક્રિયા પૂર્ણ થતાં મોબાઈલ ચાલુ થઈ ગયો હતો અને મોબાઈલમાં તપાસ કરતાં અંદર કંપનીની એપ્લિકેશન સિવાયની તમામ એપ્લિકેશન ડિલીટ થઈ ગઈ હતી. ફોનમાંથી ફોટો પણ ડિલીટ થઈ ગયા હતા. બીજા દિવસે પત્નીના મોબાઈલ ફોનમાં ગૂગલ પે સહિતની બીજી એપ ડાઉનલોડ કરી ચેક કરતાં બેન્ક ઓફ બરોડામાંથી 50 હજાર રૂપિયા કુલદીપ કૌરવના ખાતામાં ગયા હતા અને બીજા ખાતામાંથી 29 હજાર રૂપિયા હનુમાન રામના ખાતામાં જમા થયા હતા. આથી તેમણે તાત્કાલિક ખોજ ગામની બેન્ક ઓફ બરોડામાં ફરિયાદ કરી હતી અને 1930 હેલ્પલાઈન નંબરમાં ફરિયાદ કર્યા બાદ આ અંગે બારડોલી ગ્રામ્ય પોલીસમાં ઉપરોક્ત બે વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેકટર કચેરી, વલસાડ,૩૯૬૦૦૧**
ફોન નંબર (૦૨૬૩૨) ૨૪૩૨૩૮/૨૪૦૨૧૨, Email id-dismgmt-val@gujarat.gov.in

**વોક ઈન ઈન્ટરવ્યુ**

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માટે રાજ્યની મહાનગરપાલિકા કચેરી ખાતે જીલ્લા પ્રોજેક્ટ ઓફિસર (પીઓ)ની (૧) જગ્યા માટે નવ રચિત વાપી મહાનગરપાલિકા માટે નીચેની વિગતે પાત્રતા ધરાવતા ઉમેદવારોને વોક ઈન ઈન્ટરવ્યુ માટે આયોજન કરવામાં આવ્યું છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | માસિક એકત્રિત મહત્તમ પગાર | મહત્તમ વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ ઓફિસર વાપી મહાનગરપાલિકા | માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW) લગુત્તમ ૭૦% અથવા તે મુજબનો ગ્રેડ સાથે ઉતીર્ણ થયેલ અને કોમ્પ્યુટર નાં જ્ઞાન સહીત ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટિફિકેટ કોર્સ ડીગ્રી/ડીપ્લોમાં ઇન ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈચ્છનીય | ૧) સરકારી/બિનસરકારી સંસ્થામાં કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ<br>૨) ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન.<br>3) ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રના અનુભવને પ્રાધાન્ય આપવામાં આવશે. | ૨૦,૦૦૦/-<br>+૫,૦૦૦/-<br>-----------<br>૨૫,૦૦૦/- | ૩૫ વર્ષ |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C), આધાર કાર્ડ/ઓળખપત્ર,કોપ્યુટર જ્ઞાન અંગેનું પ્રમાણપત્ર તથા અનુભવના પ્રમાણપત્રો વગેરે અસલ ડોક્યુમેનટ્સ તથા તે તમામ ડોક્યુમેનટ્સની ૦૨(બે) સ્વપ્રમાણિત નકલો તથા ૦૨ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે તા-૧૯/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાક થી સવારે ૧૧:૦૦ કલાક સુધીના સમયમાં વોક ઈન ઈન્ટરવ્યુ રજીસ્ટ્રેશન માટે જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC), કલેકટર કચેરી,નવી જીલ્લા પંચાયત કચેરીની બાજુમાં વલસાડ ખાતે સભાખંડ ખાતે ફરજીયાત રૂબરૂ હાજર રહેવાનું રહેશે.નિયત સમય દરમિયાન કચેરી ખાતે રૂબરૂ હાજર રહી નમુના મુજબ ફોર્મમાં વિગત ભરી રજીસ્ટ્રેશન કરાવેલ તથા યોગ્ય લાયકાત અંગેના ડોક્યુમેનટ્સનું વેરીફેકેશન સફળતાપૂર્વક પુર્ણ કરાવેલ ઉમેદવારોનું જ ઈન્ટરવ્યું સવારે ૧૧:૦૦ કલાકથી કલેકટર કચેરી ખાતે સભાખંડમાં શરૂ કરવામાં આવશે, અન્ય કોઇપણ ઉમેદવારને ઈન્ટરવ્યુંમાં પ્રવેશ આપવામાં આવશે નહી. ડોક્યુમેનટ્ વેરીફીકેશન સમયે જો ઉમેદવાર પાસે નિર્દિષ્ટ કરેલા અસલ પ્રમાણપત્રો (Original Certificate) સાથે હાજર નહિ હોય તો તેમને તે જ સમયે ગેરલાયક (Disqualify) ઠેરવવામાં આવશે અને ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે નહિ. તથા આ બાબતે કોઇપણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઉમેદવારને કોઇપણ પ્રકારનું મુસાફરી ભથ્થું (TA/DA) આપવામાં આવશે નહિ. આ પ્રક્રિયા અંગેના તમામ આખરી અધિકારો ઉમેદવાર પસંદગીના હસ્તક અબાધિત રહેશે. તથા ઉમેદવાર પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે અને તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.આ બાબતે કોઇપણ ઉમેદવારનો કોઇપણ પ્રકારનો હક દાવો કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. પસંદગી પામેલ ઉમેદવારે તાત્કાલિક ફરજ વાળી જગ્યા ઉપર હાજર થવાનું રહેશે.

(નિતિન સાંગવાન)
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

માહિતી/વલસાડ/૧૫૯/૨૦૨૬